જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૪/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૫૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૩ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૫૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૫૬/૧૮

**સોલા હાઇકોર્ટ :** ધીમંતભાઇ અરવિંદભાઇ પટેલ (રહે,સત્તાધાર સોસાયટી, કલાસાગર મોલની પાછળ, ઘાટલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૪/૧૮ સાંજના ૫/૨૦ વાગ્યા પહેલા આરોપી નંદન કાલીદાસ પટેલ (રહે,ગ્રીન મીડોસ બંગ્લોઝ, સાયન્સ સીટી રોડ, સોલા) એ ધીમંતભાઇની ભાગીદારી પેઢીના ચેક ઉપર તથા આર.ટી.જી.એસ. ઉપર ધીમંતભાઇની ખોટી સહી કરી, કુલ રૂપિયા ૭૪,૧૪,૧૬૫/- રીલાયન્સ રીટેલ લીમીટેડના એચ.ડી.એફ.સી.બેન્કના એકાઉન્ટમા કોટક મહિન્દ્રા બેન્ક બોડકદેવ બ્રાંચ એસજી.હાઇવે ખાતે ટ્રાન્સફર કરી, ધીમંતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી નાસી ગયેલ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૬૫૭/૧૮

**ચાંદખેડા :** લીલાવતીબહેન ગીરીશચંન્દ્ર કાપડીયા (ઉ.વ.૫૭)(રહે,માધવ ટેનામેન્ટ આઇ.ઓ.સી. રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૪/૧૮ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા આઇ.ઓ.સી.રોડ સ્વાતી રેસીડેન્સી વિભાગ-૦૩ ના ગેટની સામેના રોડ ઉપર શાકભાજી ખરીદ કરતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) લીલાવતીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.કે.રાઠવા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૬૫૮/૧૮**

**ઓઢવ :** વિનોદભાઇ ગીરધરલાલ પટેલ (રહે,ગોલ્ડ કોસ્ટ રેસીડેન્સી પાંજરાપોળ ચાર રસ્તા પાસે રીંગ રોડ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.30/03/૧૮ ના કલાક ૧૨/૧૫ થી ૧૨/30 વાગ્યા દરમ્યાન ઓઢવ રીંગરોડ સર્કલ થી પાંજરાપોળ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા ઇસમો તથા બે અજાણી સ્ત્રીઓએ ભેગામળી વિનોદભાઇની નજર ચુકવી તેમનુ ખીસ્સુ કાપી લઇ રોકડા રૂપિયા ૧,૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૬૫૯/૧૮**

**શાહીબાગ :** રીનાબેન પ્રીતમભાઇ શાહ (ઉ.વ.૩૮)(રહે,ગીરધરનગર સોસાયટી, શાહીબાગ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૪/૪/૧૮ ના કલાક ૧૦/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિક્રમભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.